| | | |
|---|---|---|
| वर्ष : ११ | सने : २०१८ | सं.२०७४ |
| अंक : २, | સળંગ અંક -૭૫ | દ્વિ.જેઠ जून |

Published on Date 22 every month

# ધર્મદૂત (માસિક)

વર્ષ : ૧૧ સને ૨૦૧૮ સં.૨૦૭૪
અંક : ૨ / જૂન દ્વિ.જેઠ સળંગ અંક-૭૪



**: લેખક - પ્રેરક :**

જ્ઞાનનિધિ ચારિત્રરત્ન પૂજ્યપાદ
**પંન્યાસશ્રી પદ્મવિજયજી ગણિવરના**
પ્રથમ શિષ્યરત્ન પૂજ્યપાદ
ધર્મતીર્થપ્રભાવક, ગચ્છસ્થવિર,
અખંડબાલબ્રહ્મચારી, સિદ્ધાંતસંરક્ષક,
આચાર્યદેવ શ્રીમદ્
**વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મહારાજા**

**: માનદ સંપાદક :**
**અને**
**: પત્ર વ્યવહાર :**

**જ્યોતીન્દ્રભાઈ જે. શાહ**
૩-બી, કંચનતારા એપાર્ટમેન્ટ,
જૈનનગર, સુવિધા શોપિંગ સેન્ટર પાછળ,
પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
ફોન : (R) 26650626
(M) 9824252978



**: લવાજમ :**

**વાર્ષિક રૂ. 151-00**
**આજીવન રૂ. 1000-00**
**પેટ્રન રૂ. 2000-00**


**આ અંકમાં.....**


★ સમાધિસુવર્ણ પર્વ
★ અનુમોદનાનો અમૃતથાળ


## આર્ષવાણી

**मरणाय भवे जन्म,**
**कायो रोगनिबन्धनम् ।**
**तारुण्यं जरसो हेतु -**
**र्वियोगाय समागमः ।।**

જન્મ એ મૃત્યુનું કારણ છે. કાયા રોગનું કારણ છે. યુવાની વૃદ્ધાવસ્થાનો હેતુ છે અને સમાગમ - સંયોગ માત્ર વિયોગનો હેતુ છે.

માનવ લોકમાં જ્યાં પણ નજર નાખો, તમામ સંપત્તિઓ વિપત્તિઓનું નિમિત્ત છે. તેવી સાંસારિક કોઈ વસ્તુ નથી કે જે દુઃખ માટે ન હોય !



પૂજ્યપાદ સિદ્ધાંતમહોદધિ, કર્મશાસ્ત્ર નિપુણમતિ, પિંડવાડાની આન - બાન - શાન, મરુધરનું ગૌરવ, સમગ્ર ભારતનું ભૂષણ, જૈન શાસનનું અણમોલ મોતી, તપાગચ્છની ભૂતકાળમાં બંધ થયેલી આચાર્યપદની ચાલુ થયેલ પરંપરામાં પ્રથમ રાજસ્થાન - મરુભૂમિને, પોતાના જન્મથી અને દીક્ષાદાનાદિથી જૈનજગતના નકશામાં ઉપસાવનાર આ.ભ. શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાનો સ્વર્ગવાસ થયાને વૈ.વ. ૧૧ (સં.૨૦૭૪) ના અર્ધી સદી પૂરી થઈ. હજી તેઓશ્રીએ વિકસાવેલો, માળી બનીને તૈયાર કરેલો, વિશાળ 'સંયમબાગ' જાજરમાન રીતે શોભા આપી રહ્યો છે. મતલબ સંયમીઓની સંખ્યા વધારવામાં આ મહાપુરુષનો મસમોટો સિંહફાળો છે.

આવા મહાપુરુષને વર્તમાન જગત ઓળખી શકે તે માટે 'ધર્મદૂત' ના માધ્યમથી એમના જીવનના અંશો અપાતા ગયાછે. અલબત્ત, સંપૂર્ણ જીવનને ન્યાય આપવાનું કાર્ય તો કદાચ અશક્ય છે પરંતુ મહદંશે મુખ્ય ઘટનાઓને, મહાત્ત્વના પ્રસંગોને આવરી લેવાનું કાર્ય કરવાનો પ્રયત્ન કર્યો છે. પ્રેરણાની પરબ જેવો, અનુમોદનાનું અમૃત કહી શકાય તેવા પાવન પ્રસંગોએ કેંક આત્માઓને જગાડ્યા જ હશે, કેંક જીવોનાં હૈયામાં પૂજ્યશ્રીની પ્રતિષ્ઠા થઈ હશે. બહુમાનભાવ તો જાગ્યો જ હશે. એ જ તો અમારા પ્રયત્નની સફળતા ગણાશે. તેઓશ્રીના ગામમાં, તેઓશ્રીના જ વરદહસ્તે થયેલી અંજન-પ્રતિષ્ઠા પ્રસંગની ઝાંખી અહીં અપાય છે.

- તંત્રી

## ★ સમાધિસુવર્ણ પર્વ ★★★

**-સંકલન**

### પિંડવાડામાં અંજન શલાકા પ્રતિષ્ઠા

આજે પિંડવાડાની શેરીએ શેરીએ આનંદના ઉદધિ - તરંગો ઊછળી રહ્યા હતા. અભૂતપૂર્વ સ્વાગત માટેની પૂર્ણ તૈયારીઓ થઈ ચૂકી હતી. શેરીઓમાં અને રાજમાર્ગો ઉપર પ્રવેશ દ્વારો અને કલાત્મક તોરણોએ નવી દુનિયા ખડી કરી હતી !

શિરોહીથી ખાસ આમંત્રિત સ્ટેટ બેંડના મધુરા સંગીત છેડાઈ રહ્યાં હતાં. સહુ કોઈ નરનારીઓ સ્ટેશન ઉપર અતૂટ ધારાએ હર્ષથી, ઔત્સુક્યથી અને શીઘ્રતાથી જતાં દૃષ્ટિગોચર થતાં હતાં. હજારો સ્ત્રી પુરુષો સ્ટેશન ઉપર એકત્રિત થઈ ગયાં.

પૂજ્યપાદ આચાર્યભગવંતશ્રી પણ, પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજયયશોદેવ સૂરીશ્વરજી મહારાજ આદિ સુવિશાલ મુનિ પરિવાર સાથે સ્ટેશન ઉપર નૂતન બંધાયેલા શ્રી નમિજિન પ્રાસાદના પટાંગણમાં પધાર્યા.

પૂજ્યપાદશ્રીએ મુનિવૃન્દ સાથે શ્રી જિન-મંદિરમાં ચૈત્યવંદન કર્યું. પૂજ્ય પંન્યાસપ્રવરશ્રી ભાનુવિજયજી ગણિવરે મધુરા કંઠે ભાવવાહી સ્તવન-ગીત લલકાર્યું. ભાવ-સ્તવનાની પૂર્ણાહુતિ થતાં નવી બંધાયેલી ધર્મશાળામાં પૂજ્યપાદશ્રીએ અલ્પ સમય માટે સ્થિરતા કરી.

અવકાશને આંગણિયે આજ શુભ ઘડી-નક્ષત્ર-પળનો સુભગ સંયોગ સધાયો હોવાથી પૂજ્ય પંન્યાસપ્રવરશ્રી ભાનુવિજયજી ગણિવરે વિશાલ મુનિવૃન્દને 'શ્રી યોગ બિન્દુ' ગ્રંથની વાચના આપવાનો શુભારંભ કર્યો.

સાડા નવના ટકોરાનો ધ્વનિ ઝણઝણતાં જ શાનદાર સામૈયું શરૂ થયું. આજે પિંડવાડાના રાજમાર્ગ પર પોણોસો ઉપરાંત મુનિપ્રવરોનાં પાવન દર્શન કરીને જનતા પોતાના પાપ-મળને પ્રક્ષાલી રહી હતી. વાજિંત્રોનાં ત્રણ - ત્રણ જૂથો આકાશને ગજવી રહ્યાં હતાં.

સાજનમાં તો જાણે હર્ષ - ગીતો હિલોળે ચઢ્યાં હતાં.

બાદશાહી વરઘોડો નગરના દ્વારે આવી પહોંચતાં, સૌભાગ્યવંતી સ્ત્રીઓએ પૂજ્યપાદશ્રીને અક્ષત અને શ્રીફલથી વધાવ્યા અને શુકન બેડાથી સત્કાર્યા. સ્થળે - સ્થળે સ્વસ્તિકોના શણગાર સર્જાયે જતા હતા. ઉપાશ્રયના દ્વારે સ્વાગત યાત્રા આવી પહોંચતાં કલાત્મક ગહુંલીથી પૂજ્યશ્રીને વધાવાયા.

છેલ્લા ત્રણ વર્ષથી કેન્સરના જીવલેણ દર્દમાં પણ સમાધિ પૂર્વક આરાધનામાં ઓતપ્રેત બની રહેતા પૂજ્ય પંન્યાસપ્રવરશ્રી પદ્મવિજયજી ગણિવર સાતમા ઉપવાસે પૂજ્યપાદશ્રીની સામે આવ્યા. પૂજ્યપાદશ્રીએ પોતાના આ પરમ-પ્રિય પ્રશિષ્યને આશીર્વાદથી અભિનંદિત કર્યા.

ધર્મશાળાની નીચેના પ્રવચન મંડપમાં પૂજ્યપાદ આચાર્ય-ભગવંતે મધુર કંઠે



માંગલિક સંભળાવ્યું. ત્યારબાદ પૂ. પં. શ્રી ભાનુવિજયજી ગણિવરે મનનીય પ્રવચન આપ્યું. અપૂર્વ હર્ષાનંદને વ્યક્ત કરતું આજે સાહમીવાત્સલ્ય થયું. સર્વત્ર અવસરને સુવર્ણ અવસર બનાવવાની કામના તીવ્ર બની.

ચૈત્ર સુદ-૧૪. પૂજ્યપાદ આચાર્યભગવંતના આચાર્યપદ પ્રાપ્તિના આજના દિવસે પચ્ચીસ વર્ષ પૂર્ણ થઈ, છવ્વીસમા વર્ષમાં તેઓશ્રીનો મંગલમય પ્રવેશ હતો. આજે વ્યાખ્યાનમાં પૂજ્યશ્રીના જીવન - બાગના સુવર્ણ-પ્રસંગો રૂપી પુષ્પોથી વિવિધ વક્તાઓએ વર્ષા કરી.

ચૈત્ર વદ-૭ મહોત્સવનો પ્રારંભ દિન નજદીકમાં આવવા લાગ્યો. એક પછી એક પ્રસંગની ઉછામણીઓ બોલાવી લાગી. આજના વ્યાખ્યાનમાં પૂ. પં. શ્રી ભાનુવિજયજી ગણિવરશ્રીના ભવ્ય વિવેચન અને પ્રેરણા પછી નીચે મુજબની ઉછામણીઓ ભારે ઉછરંગથી બોલાઈ.

(૧) રચનાઓની. (૨) સૌધર્મેન્દ્ર બનવાની. (૩) ઈશાનેન્દ્ર બનવાની. (૪) ભગવાનના માતા-પિતા બનવાની. (૫) હરિણૈગમેષી દેવ બનવાની. (૬) પ્રિયવંદા દાસી બનવાની. (૭) ભગવાનનાં સાસુ સસરા બનવાની. (૮) કુમારપાળ ઉદ્યાનનું ઉદ્ઘાટન કરવાની. (૯) સંપ્રતિ સભામંડપનું ઉદ્ઘાટન કરવાની. (૧૦) ચોસઠમાંથી સત્તાવીસ ઈન્દ્રો બનવાની. (૧૧) આત્માનંદ ચોકમાં ૪૦ ફીટ ઊંચો શાસનધ્વજ ફરકાવવાની.

સૌધર્મેન્દ્ર બનવાની ઉછામણીમાં ન કલ્પી શકાય તેવો ઉછાળો આવ્યો. તેવી જ રીતે ભગવાનના માતા-પિતા બનવાની ઉછામણી પણ કલ્પના બહાર થઈ. બીજી પણ ઉછામણીઓ અકલ્પ્ય રકમોએ અપાઈ. ખરેખર, ધનનું મહત્ત્વ છંડીને પિંડવાડાના પ્રભુભક્તોએ બોલેલી ઉછામણી વર્તમાન-ઈતિહાસમાં અપૂર્વ હતી.

**ચૈત્ર વદ દશમ :** આજનો દિવસ હતો આત્માનંદ ચોકની મધ્યમાં ચાલીસ ફૂટ ઊંચો શાસન-ધ્વજ લહેરાવવાનો, શ્રી સંપ્રતિ સભા મંડપનું અને શ્રી કુમારપાળ ઉદ્યાનનું ઉદ્ઘાટન કરવાનો.

નવ વાગે વાજિંત્રોના નાદ સાથે સંઘ ઉપાશ્રયમાં આવી પહોંચ્યો. પૂજ્યપાદ આચાર્ય ભગવંતાદિ મુનિવરોની સાથે શ્રી સંઘ આત્માનંદ ચોક તરફ આવ્યો. વચ્ચે અંજનશલાકા માટેના મુખ્ય પ્રતિમા શ્રી શાંતિનાથ ભગવાનને ખાસ લાવવામાં આવેલી ચાંદીની બગીમાં પધરાવવામાં આવ્યા. જય - જયરવ ગૂંજી ઊઠ્યો.

સહુ આવી ઊભા સંપ્રતિ સભા - મંડપના દ્વારે.

સભા મંડપના ઉદ્ઘાટનની ઉછામણી બોલનાર શ્રેષ્ઠીશ્રીએ મંગલ મુહૂર્તે ઉદ્ઘાટન કર્યું અને પૂજ્યપાદ આચાર્યદેવાદિ સકળ સંઘ - ઈન્દ્ર - સભાની તુલના કરતા સંપ્રતિ સભા - મંડપમાં પ્રવેશ્યા. શ્રી શાંતિનાથ પ્રભુના નાજુક અને લાવણ્યભર્યા બિંબને અંજન શલાકાની વેદિકા પર પધરાવવામાં આવ્યું અને સહુ પહોંચ્યા આત્માનંદ ચોકમાં.

વિરાટ વટવૃક્ષની શીતળ છાંયડીમાં મુનિ - વૃન્દ બિરાજમાન થયું. તહેસીલ તરફના વિશાળ સ્થાનમાં સેંકડો સ્ત્રી - પુરુષો ગોઠવાઈ ગયાં. મહોત્સવના મુખ્ય સંચાલક શ્રીયુત કડિયા મધ્ય - ભાગમાં આવ્યા અને .... અતીવ હર્ષનાદ સાથે....

'શાસનદેવ કી જાય....! ભગવાન મહાવીર સવામી કી જય....! વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ કી જય !' ના ગગન - વ્યાપી સૂરો સાથે દોરી ખેંચાણી..... ધ્વજ ઊંચો ચઢતો ગયો.... પડઘમ ધણી ધણી ઊઠ્યાં, બ્યુગલો બજી ઊઠ્યાં.... ધ્વજ ઊંચા ગગનમાં ફરકી ઊઠ્યો.

ત્યાં તો પૂજ્ય પંન્યાસપ્રવરશ્રી ભાનુવિજયજી ગણિવર ધ્વજના ઊંચા પીલર પર આરૂઢ થયા અને શાસન - ધ્વજ પ્રત્યે આપણી કેવી - કેવી ફરજો છે ? શાસન ધ્વજમાંથી આપણને કઈ કઈ પ્રેરણાઓ પ્રાપ્ત થાય છે; તેના પર દશ મિનીટ મનનીય પ્રવચન આપ્યું.

પૂજ્ય પંન્યાસપ્રવરશ્રીનું પ્રેરક પ્રવચન પૂર્ણ થતાં જ જૈન જગતના જાજરમાન કાર્યકર્તા શ્રીયુત ચીમનલાલ કેશવલાલ કડિયા સભાના મધ્યમાં આવ્યા અને પહાડી અવાજે ગીત લલકાર્યું.

**જૈન શાસનકી ફરકે પતાકા....**

**પિંડવાડા મેં અંજન - શલાકા....**

આ રીતે આજના મંગલમય કાર્યક્રમો સમાપ્ત થયા હતા. મધ્યાહ્નના બારના ટકોરા બજતાં જ અમદાવાદથી ખ્યાતનામ ક્રિયા વિશારદ શ્રી કાન્તિલાલ સવચંદ પોતાની મંડળી સાથે આવી પહોંચ્યા. સાથે જ સુપ્રસિદ્ધ સંગીતરત્ન શ્રી હીરાભાઈ અને ગજાનન ઠાકુર પણ પોતાની મંડળી સાથે આવી ગયા.

'આવતી કાલે ; ચિરકાળથી જેની ઈંતેજારી પૂર્વક રાહ જોવાઈ રહી હતી તે મહામહોત્સવના શુભ-મંડાણ થશે; એ ભાવીના શુભ સ્વપ્નને માણતા લોકો ભારે



આતુરતાથી બીજા દિવસની રાહ જોવા લાગ્યા. રાત્રે આવતીકાલના જલ-યાત્રાના વરઘોડાની વિવિધ ઉછામણીઓ બોલાવવામાં આવી હતી.

**ચૈત્ર વદ અગિયારસ :** આજે પ્રભાતના મંગળ-મુહૂર્તે કુંભ સ્થાપના કરવામાં આવી. ત્યારબાદ માણેકસ્તંભનું આરોપણ કરવામાં આવ્યું અને પછીથી અખંડ દીપકને બે સ્થળે સંપ્રતિ સભા મંડપમાં તથા વીર વિક્રમ પ્રાસાદમાં સ્થાપવામાં આવ્યા.

મંગલ કુંભને પવિત્ર જળથી ભરવા માટે ગામ બહારના કૂવામાંથી પાણી લાવવા સવારના, જલયાત્રાનો શાનદાર વરઘોડો નીકળ્યો. જેમાં ઈન્દ્ર ધ્વજાની ભવ્ય ગાડી, ત્રણ બેન્ડો, ચાંદીના બે સુન્દર રથો અને બે હાથીથી વરઘોડો આકર્ષક બન્યો હતો.

સાજનમાં :- 'ઉત્સવ શુભ મંડાણો ને જીવલડો હરખાણો,
સહુએ ચાલો.....! ગંગાના પાણી લાવીએ.'

વરઘોડામાં આ ગીત ખૂબ જ જામ્યું હતું.

બપોરના શ્રી પંચ કલ્યાણક પૂજા સંપ્રતિ સભામંડપમાં ભણાવાઈ. પૂજા તથા રાતની ભાવનામાં સંગીતકાર શ્રી હીરાભાઈ તથા ગજાનનભાઈએ ભક્તિ રસમાં સભાને તરબોળ કરી દીધી હતી. રસોડામાં સ્વયંસેવકોએ તેમજ સ્વયંસેવિકાઓએ ખૂબ જ ખંતથી સેવાઓ શરૂ કરી દીધી. ભાઈઓમાં સ્વયંસેવકો પીરસતા અને બહેનોમાં એક સરખા કેશરી ગણવેશમાં સજ્જ સ્વયંસેવિકાઓ પીરસતી હતી. અને તેથી ખૂબ જ મર્યાદા - પાલન દ્રષ્ટિ - ગોચર થતું હતું. મર્યાદાશીલ મારવાડી બહેનોમાં આ ગણવેશ સંઘ સેવાની એક અનોખી ભાત પાડી ગયો.

જમીને ઊઠ્યા પછી થાળીઓ પણ સ્વયંસેવકો તથા સ્વયંસેવિકાઓ ઉઠાવી લેતી હતી. દ્વાર પર મુખવાસના થાળ ભરીને મૂકવામાં આવ્યા હતા. જમીને ઊઠતાં પ્રત્યેક સ્ત્રી-પુરુષને મુખવાસ આપવામાં આવતો હતો.

**ચૈત્ર વદ - બારસઃ** આજે બપોરે પૂજા સિવાય અન્ય કોઈ કાર્યક્રમ ન હોવાથી પ્રભાવક પ્રવચનકાર પૂજ્ય પંન્યાસપ્રવરશ્રી ભાનુવિજયજી ગણિવરશ્રીનું પ્રેરક પ્રવચન થયું. પ્રવચનને અંતે નીચે મુજબ બે ઉછામણીઓ બોલવામાં આવી.

૧. અઠ્યાવીસમા ઈન્દ્રથી માંડી ૬૪ મા ઈન્દ્ર બનવાની.

૨. નવ લોકાંતિક દેવ બની, પ્રભુની 'તીર્થ પ્રવર્તાવો' ની વિનંતી કરવાનીઃ બન્ને ઉછામણીઓ ખૂબ જ રંગતમાં બોલાઈ.

**ચૈત્ર વદ તેરસ :** આજે પણ કોઈ વિશિષ્ટ પ્રોગ્રામ નહીં હોવાથી પૂજ્ય પંન્યાસપ્રવરશ્રીના પ્રવચનની પૂર્ણાહુતિ પછી નીચે મુજબની ઉછામણીઓ સોત્સાહ બોલાવાઈ.

૧. કેસર સુખડ ઘસવાના નવા બાંધવામાં આવેલા ઓરડાની. ૨ પૂજા માટે વસ્ત્ર પરિવર્તન કરવાને બાંધવામાં આવેલા ઓરડાની. ૩. નંદ્યાવર્ત પૂજનની ૪. નવગ્રહ પૂજનની. ૫. દશદિક્‌પાલ પૂજનની. ૬. અષ્ટ મંગલના પૂજનની ૭. વીસ સ્થાનકના પૂજનની ૮. સોળ વિદ્યાદેવીઓના પૂજનની. ૯. સિદ્ધચક્ર મહાપૂજનની ૧૦. ધજા અને દંડ-કળશના અભિષેક તથા પૂજન કરવાની.

**ચૈત્ર વદ ચૌદસઃ** આજે પૂ. પં. પ્ર. શ્રી કાંતિવિજયજી ગણિવર, પૂ. પં. શ્રી મુક્તિવિજયજી ગણિવર, પૂ. પં. શ્રી હિમાંશુ - વિજયજી ગણિવર આદિ ૨૬ મુનિવરોએ પિંડવાડા નગરમાં પ્રવેશ કર્યો હતો. જ્યારે બીજી બાજુ નંદ્યાવર્તાદિ પૂજનોનો સંપ્રતિ મંડપમાં પ્રારંભ થઈ ગયો હતો.

આજનો દિવસ એટલે દેવી સાધનાઓનો દિવસ....! તેમાં પહેલી નંદ્યાવર્ત પૂજનની સાધના હતી. જો કે આ સાધનાને આગલા દિવસે વિસ્તારથી કરવાની વિચારણા થઈ હતી. અનુકૂળતાના અભાવે બીજી સાધનાઓ ભેગી રાખવામાં આવી હતી..

શ્રીપર્ણીના સમચોરસ ગજના પાટલાને સાતવાર ચંદનથી લેપવામાં આવ્યો હતો. તેના પર કેસર - કસ્તૂરી - ગોરોચન વગેરેના પ્રવાહીથી સોનાની કલમે, શાસ્ત્રોક્ત વર્તુલોમાં નંદ્યાવર્તથી માંડી નવપદ, ૬૪ ઈન્દ્રાદિ, ચોવીસ માતાઓ, ૧૬ વિદ્યાદેવી, અધિષ્ઠાયક દેવો, યક્ષો - યક્ષિણીઓ વગેરેનાં પદો, ત્રણ ગઢ, બાર પર્ષદા, દ્વારપાળો, કળશ, વાયુ -મંડળ વગેરે આલેખવામાં આવ્યું હતું.

શુભ - મુહૂર્તે એના પર મંત્રોચ્ચાર પૂર્વક પૂજન - વિધિ શરૂ થયો. વિશાલ જનતાને નવું જ જોવા મળ્યું હતું, તેથી ભારે રસ સાથે નિરીક્ષણ કરી રહી હતી. એ પૂજન પૂર્ણ થયા પછી દશ દિક્‌પાલ - નવગ્રહો - અને અષ્ટ મંગલના પાટલા પૂજન થયાં. ઘડિયાળનો કાંટો તો ઊંચો ચઢી ગયો હતો....! એટલે અહીં જ સમાપ્તિ કરી. બપોરે શ્રી સિદ્ધચક્ર પૂજન અને શ્રી વીસસ્થાનક પૂજન કરવામાં આવ્યાં. વિધિકારક ભાઈશ્રી કાંતિલાલ સિદ્ધહસ્ત ક્રિયાકારક હોવાથી ક્રિયાઓ શુદ્ધ અને સ્ફૂર્તિથી થતી હતી.



**ચૈત્ર વદ અમાવસ્યા** આમેય આજના દિવસની ખૂબ ખૂબ રાહ જોવાઈ રહેલી હતી. જેમ મયૂર મેઘની રાહ જુએ.....!

આજે સંપ્રતિ સભા - મંડપ નવી રોનકે ને નવે રંગે દીપી ઊઠ્યો હતો. સો ઉપરાંત મુનિવરો, સાધ્વીજી મહારાજો તથા હજારો શ્રાવક શ્રાવિકાઓથી સભા - મંડપ ઉભરાઈ ગયો હતો....

અંજનશલાકા વેદિકાની જમણી બાજુ પર આછા-આછા આસમાની રંગના ચીનાઈ વસ્ત્રોના પડદાની પાછળ ચક્રવર્તીની માતાને અનુરૂપ અચિરામાતાનો ભવ્ય પલંગ રાખવામાં આવ્યો હતો. પલંગ પર મોતીઓના ઝુમ્મર સંગીત બિછાવી રહ્યાં છે.

રાત્રિ બરાબર જામી છે.... ધરિત્રી, સુજલા.... સુફ્લા અને શસ્ય શ્યામલા બની છે ! સરિતાઓનાં નીર નિંદરી ગયાં છે.... પશ્ચિમનો વાયુ સમ - અવસ્થામાં વહી રહ્યો છે....

અવકાશમાં નજર લગાવો....! ગ્રહો.... નક્ષત્રો.... યોગો.... આખુંય જ્યોતિષ - મંડળ શુભના એંધાણ આપી રહેલ છે....!

હસ્તિનાપુરના ખૂણે - ખૂણેથી અપ - મંગલ વિરમી ગયું છે. મંગલ - ધ્વનિનો પમરાટ પ્રસરી રહ્યો છે.

અહા ! આ માતાના મુખડે મલકી રહેલો દિવ્ય મલકાટ તો જુઓ !

અરે....! દિવ્ય અજવાળાં શાનાં પથરાયાં....? સમજ્યા ? ભગવાન શાન્તિનાથ સર્વાર્થસિદ્ધ વિમાનમાંથી ચ્યવ્યા.... પરમાત્માનું ચ્યવન કલ્યાણક થયું....! નિસર્ગ સત્તાએ ત્રણે ભુવનમાં અજવાળાં પાથર્યાં....! નરકમાં પણ પ્રકાશ.... !

આ બહાર અંજનશલાકા વેદિકા આગળ જુઓ તો ! કેવા મધુર મંત્રોચ્ચાર થઈ રહ્યા છે ? આ સોનેરી રૂપેરી વરખથી મઢેલી ત્રાંબાની નળીમાં માતાના ઉદરની સ્થાપના કરવામાં આવી છે અને એમાં આ મનમોહક પ્રતિમાજી પધરાવવામાં આવ્યાં છે. આ છે ચ્યવન કલ્યાણકનું પ્રતીક !

સાંભળો....! આ સંગીતરત્ન હીરાલાલ શું લલકારે છે ?

ઓલી અચિરા રાણીના ઉદરે પ્રભુ શાંતિ જિનેશ્વર ઊતરે !

ત્યાં તો શાંતિ શાંતિ પથરાય....!

માતા સ્વપ્નાં ચતુર્દશ જોવતી, અને હર્ષ ધરીને જાગતી !

ત્યાં તો શાંતિ શાંતિ પથરાય....! જુઓ.... ભગવાન શાંતિનાથનો આત્મા અચિરામાતાના ઉદરમાં પ્રવેશ કરતાં માતાજી બે વાર ચૌદ સ્વપ્નાં નિહાળી રહ્યાં છે. કારણ, ચક્રવર્તી થનાર તીર્થંકરનો જીવ માતાની કુક્ષિમાં આવે ત્યારે માતા ચૌદ સ્વપ્ન બે વાર જુએ છે. હર્ષથી જાગ્રત બને છે .....!

અને....! આ અંજનશલાકા વેદિકાની ડાબી બાજુ તો જુઓ ....!

કેવો ભવ્ય આડંબર....! કેવી ભવ્ય ઈન્દ્રસભા....!

ઈન્દ્રનું સિંહાસન ચલાયમાન થયું ને સૌધર્મેન્દ્ર કેવો ધમધમી ઊઠ્યો છે... આંખો લાલ ઘૂમ બની ગઈ છે.... ઓષ્ઠ ક્રોધથી ફરફરી રહ્યા છે.... હાથમાં વજ્ર ઊછળી રહ્યું છે.... અને ઓહ્....! કેવી ભયાનક તેણે ત્રાડ્ પાડી !

મારી સામે જંગે - બહાદૂર થવાના દુષ્ટ આશય સાથે કયો દુષ્ટ મારા સિંહાસન સાથે ગલત રમત રમી રહ્યો છે ? કયા મૂર્ખને અકાળે યમરાજના મુખમાં પેસવાની ઈચ્છા થઈ છે ?

પણ બે પળ....! જુઓ.... તે કંઈક ચિંતનમાં પડી ગયા છે. તેની આંખમાંથી ક્રૂરતા નીતરી ગઈ અને કોમળતા વરસી રહી છે. એના હાથ ધ્રૂજી રહ્યા છે... આંખોમાં પશ્ચાત્તાપનો પાવક સળગી રહ્યો છે. વજ્ર નીચું પડી ગયું છે... અને તેના બે હાથ જોડાઈ ગયા છે.

સાંભળો, એ શું વદે છે ?

હે ત્રણ ભુવનના નાથ....! હું ભૂલ્યો.... મને ભાન ન રહ્યું કે આપનું દેવલોકમાંથી હસ્તિનાપુરમાં વિશ્વસેનનરેશના મહેલે અચિરામાતાના ઉદરમાં ચ્યવન થયું છે....! મને ક્ષમા કરો....!

અરે.... આ તો સિંહાસન પરથી નીચે ઊતર્યા....

એક બે નહીં પાંચ - સાત ડગલાં નીચે ઊતર્યા....

હવે એ દેવેન્દ્ર શક્રસ્તવ ભણે છે....

કંઠમાં મધુરતા છે ! હૈયે ભક્તિનો સાગર હિલોળે ચઢ્યો છે ! રોમરાજી વિકસ્વર બની છે ! આંખો સ્ફૂરાયમાન થઈ છે !

કેવું એનું અદ્ભુત રૂપ છે !

કેવો એનો આકર્ષક વેષ છે !



માથે મુગટ ઝગમગે છે !

કાને કુંડલ ચમકે છે !

આ સામે જે દિવ્ય પ્રતિભા દેખાય છે....! તે છે પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા....! જે ભાગ્યવંતોને ભગવાનના માતા - પિતા બનવાનું તેમજ ઈન્દ્ર - ઈન્દ્રાણી બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે; તેમનામાં પૂજ્યપાદશ્રીએ તે તે પદની મંત્રાક્ષરોથી સ્થાપના કરી.

લગભગ - સાડા બાર વાગે સહુ કોઈ સંપ્રતિ સભા - મંડપમાંથી બહાર નીકળ્યા. ત્યાં તો માઈકના ભૂંગળા બોલી ઊઠ્યા. 'બપોરે દોઢ વાગે વેદનીય કર્મ નિવારણની પૂજા શરૂ થશે ! માટે સહુ ભાઈ બહેનો સમયસર પધારજો....! '

ઝડપભેર લોકો પ્રેમપુરી તરફ ઊપડ્યા....! ટપોટપ પાટલા મંડાયા.... ભોજનિયાં પીરસાયાં.... મુખવાસિયા અપાયા.... અલ્પ આરામીયા કરાયા ત્યાં તો નગરમાં ઠેરઠેર મુકાયેલા માઈકના ભૂંગળાઓમાં વાજિંત્રોના સૂરો સાથે પૂજાની કડીઓ મધુર કંઠે ગવાવા લાગી....!

પૂજા પૂર્ણ થઈ. આજે અમદાવાદથી ખાસ આમંત્રણ પૂર્વક બોલાવવામાં આવેલા શ્રી જૈન - ધર્મ આરાધક મંડળે ; શ્રી ચતુરદાસ ચીમનલાલની આગેવાની નીચે પૂજામાં ઠીક ઠીક જમાવટ કરી ત્યાં તો બ્રોડકાસ્ટ કરવામાં આવ્યું કે 'ચાર વાગે કલ્યાણકની ઉજવણીના હર્ષને વ્યક્ત કરતો ભવ્ય વરઘોડો ચઢશે.... સહુએ સમયસર હાજર થઈ જવું....'

ચાર વાગતાં આત્માનંદ ચોક બે મદમસ્ત હસ્તિઓ, બે ભવ્ય રથો.... બે રમણીય ઈન્દ્ર ધજાઓ, હજારો સ્ત્રી પુરુષોથી ભરાઈ ગયો. વરઘોડો બડા ઠાઠથી ચડ્યો.

બે કલાક પિંડવાડાની ગલીઓમાં ફરીને વરઘોડો આત્માનંદ ચોકમાં આવી ગયો. ટપોટપ લોકો પ્રેમપુરીના પ્રેમભર્યા ભોજન મંડપ તરફ ઊપડવા લાગ્યા.

રાત્રે ભાવનામાં શ્રી જૈન ધર્મ આરાધક મંડળ, હીરાભાઈ તથા ગજાનનભાઈએ ભક્તિરસનાં પૂર વહાવ્યાં... ભાવના પૂર્ણ થતાં આવતી કાલના જન્મ કલ્યાણકના વરઘોડાની ઉછામણીઓ બોલાઈ. વૃષભ રૂપ કરીને પ્રભુ પર અભિષેક કરવાની પણ ઉછામણી બોલાઈ.

**વૈશાખ સુદ એકમ** :- વાહ્, ભાઈ, વાહ્....! આજે તો આ વર્ધમાન નગર દેવ - નગરીમાં પલટાઈ ગયેલું દેખાય છે ! આ દેવોનાં ટોળે - ટોળાં પ્રભુનું જન્મ - કલ્યાણક ઉજવવાના આનંદમાં આપણી સામુંય જોતા નથી !

આ રૂમઝૂમ રૂમઝૂમ પાયલ - નાદ કરતી દિક્કુમારિકાઓની મંડળી છે ! પ્રભુના જન્મ-સમયના સર્વ - કૃત્યો કરી કૃતાર્થ બનવાના કોડમાં એ ત્વરાથી સંપ્રતિ સભા - મંડપ તરફ દોડી રહી છે.

ચાલો આપણે પણ ઝડપથી સંપ્રતિ - મંડપમાં આપણી જગ્યા રોકી લઈ દિલ-બહેલાવનારાં પ્રત્યેક દૈવી - કૃત્યને જોઈ અપૂર્વ હર્ષોત્સવ મનાવીએ.

આ જમણી બાજુ શયનગૃહની અંદર અચિરામાતા પોઢેલાં છે. અંજનશલાકા વેદિકાની આગળ સોના-રૂપાના વરખથી મઢેલી ત્રાંબાની નળી સ્થાપન કરવામાં આવી છે. તેની બાજુમાં આ પૂ. પં. શ્રી ત્રિલોચનવિજયજી ગણિવર તથા પૂ. પં. શ્રી ભાનુવિજયજી ગણિવર મંત્રોચ્ચાર કરી રહ્યા છે. અને પેલા.... જેઓ પ્રત્યેક અનુષ્ઠાનોના ક્રિયા-કાંડનું સફળ સંચાલન કરી રહ્યા છે ;તે છે ક્રિયાકારક શ્રી કાન્તિલાલ સવચન્દ....!

હવે, જન્મનો સમય થયો લાગે છે. આ થાળી વાગી....પડઘમ ગરજી ઊઠ્યા....જયજયના ગગનસ્પર્શી અવાજોથી સભામંડપ ગાજી ઊઠ્યો.

નળીમાંથી શ્રી શાંતિનાથ ભગવાનના નાજુક બિંબને મંત્રોચ્ચારપૂર્વક, વિધિવિધાન સહિત બહાર કાઢવામાં આવ્યું અને તે સાથે જ પરમાત્માનાં જન્મની જાહેરાત કરવામાં આવી.

ત્યાં તો આ આવી પહોંચી છપ્પન દિકકુમારિકાઓ....! શ્રી ચીમનભાઈ કડિયાના માર્ગદર્શન મુજબ તૈયાર કરાએલ એમનો ગણવેશ અને અલંકાર સજાવટ કેવું સ્વર્ગીય દશ્ય ખડું કરે છે ! અને આ ખ્યાતનામ ગાયક ગજાનનભાઈ શું ગાઈ રહ્યા છે !

હેલે ચઢ્યાં રે હૈયાં હેલે ચઢ્યાં રે !
હૈયાં હેલે ચઢ્યાં રે...હો...હેલે ચઢ્યાં રે....!
ગગને લહેરાતી પ્રભુ શાંતિની પતાકા,
પાવન પિંડવાડામાં અંજન શલાકા,
આનંદના સાગરિયાં હેલે ચઢ્યાં રે....



આમ દિક્કુમારિકાઓના કર્તવ્યો પૂર્ણ થયાં....બીજી બાજુ, પ્રભુના જન્મથી ઈન્દ્રનું આસન ડોલી ઊઠ્યું ! ઈન્દ્ર સંશયથી ચમકી ઊઠે છે.! અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકે છે ! પ્રભુનો જન્મ થયો જાણી હર્ષથી નાચી ઊઠે છે. તુરત જ સેનાનાયક હરિણૈગમેષીને આજ્ઞા કરે છે...

'સુઘોષા-ઘંટનો રણકાર કરીને બધા સ્વર્ગીય સદનના વાસીઓને મારા તરફથી સ્પષ્ટ આજ્ઞા સુણાવો. અવનિતલે હસ્તિનાપુર નગરમાં ભગવાન શાન્તિનાથ પરમાત્માનો જન્મ થયો છે. વિરાટ મેરુપર્વત પર જન્માભિષેક થવાનો છે. બધા દેવોએ હાજર રહેવું.'

દેવરાજ ઈન્દ્રની આજ્ઞા માન્ય થઈ અને સુઘોષા ઘંટ રણકી ઊઠ્યો, તે સાથે જ સેનાપતિ હરિણૈગમેષી દેવે પહાડી અવાજે સૌધમેન્દ્રની આજ્ઞા ગુંજતી કરી. કેટલાક ભક્તિથી, તો કેટલાંક કૂતુહલ વૃત્તિથી પોત પોતાના પરિવાર સાથે મેરુપર્વત આવવા દેવોની દોડ ધામ શરૂ થઈ ગઈ.

ત્યાં તો શક્રેન્દ્ર હસ્તિનાપુર નગરમાં પહોંચી જાય છે. ભગવાન અને માતાની સ્તવના કરે છે. માતાને અવસ્વાપિની નિદ્રાનું દાન કરીને પોતાના પાંચ રૂપ બનાવે છે. એક રૂપ ભગવાનની ગુલાબી કાયાને ઊઠાવે છે. બીજું રૂપ આગળ વજ્ર ઉછાળે છે. ત્રીજું રૂપ ભગવાન ઉપર છત્ર ધારણ કરે છે. બે રૂપ બન્ને બાજુ ચામર ઢાળે છે.

ઓહ.....! દેવરાજ ઈન્દ્રમાં પણ કેવી ભગવદ્ - ભક્તિ ભરેલી છે ! શક્રેન્દ્ર પાંચ રૂપે ભગવાનને વિશાળ મેરુપર્વત પર લઈ જાય છે. મેરુપર્વતની રચના કુમારપાળ ઉદ્યાનમાં હોવાથી પૂજ્યપાદ આચાર્ય દેવાદિ સકલ સંઘ ઉદ્યાનમાં પહોંચી જાય છે. વાજિંત્રોના મધુરા નાદ વાતાવરણમાં પ્રસન્નતાની દેન કરી રહ્યાં છે.

ચોસઠ ઈન્દ્રો પણ પોતાના પરિવાર સાથે મેરુપર્વત ઉપર આવી જાય છે. શક્રેન્દ્ર પોતાના ખોળામાં ભગવાન શાંતિનાથ પરમાત્માના દિવ્ય બિંબને લઈને બેસે છે અને એક પછી એક ઈન્દ્રો ભક્તિ ભાવનાની ભરતી સાથે અભિષેક કરે છે.

અંતે શક્રેન્દ્રના અભિષેકનો સમય આવ્યો. તેણે તો વૃષભરૂપ બનાવી લીધું. અત્યાનંદ સાથે પોતાનાં શિંગડાંદ્વારા પરમાત્મા પર જલાભિષેક કર્યો. દશ્ય ખૂબ જ અલૌકિક હતું. વિરાટ જનતા અપલક નયને એક એક દશ્ય નિહાળવામાં તન્મય બની હતી. સાડાબાર વાગે આજનો કાર્યક્રમ સમાપ્ત થયો.

**વૈશાખ સુદ બીજ :-** પૂર્વ-દિશાના પ્રાંગણે ઉષાનું એક ગુલાબી હાસ્ય ચમક્યું. એન તે સાથે જ શેરીએ શેરીએ મૂકાએલાં માઈકનાં ભૂંગળાંએ આજના મંગલમય કાર્યક્રમોની જાહેરાત શરૂ કરી દીધી. આબાળ-ગોપાળ એક-ધ્યાનથી જાહેરાત સાંભળવા લાગ્યા.

'આજે બરાબર સવાનવ વાગે સંપ્રતિ સભા-મંડપમાં ભગવાન શાન્તિનાથ પરમાત્માનો જન્મ વિશ્વસેન રાજવીના મહેલમાં ઉજવાશે. પુત્ર જન્મની વધામણી, નામકરણવિધિ, પાઠશાળા ગમન તથા લગ્નનો બાદશાહી વરઘોડો સમસ્ત દૈવી ચિહ્નો સાથે ચડશે.'

'બપોરના પરમાત્માના રાજ્યાભિષેકની ઊજવણી થશે. જેમાં વિવિધ - મંડળોનાં આકર્ષક નૃત્ય - પ્રોગ્રામ રજૂ કરવામાં આવશે. ત્યારબાદ નવલોકાંતિક દેવો પરમાત્માને દીક્ષા - ગ્રહણ માટે વિનંતિ કરશે. આ બધા કાર્યક્રમોમાં સમયસર હાજર રહેવા સહુને વિનમ્ર અનુરોધ છે....'

જાહેરાત સાંભળતાં જ જૈન જગતના ભાવિકો શીઘ્રતાથી પ્રાતઃક્રર્મ આટોપવા લાગી ગયા. નવ વાગતાં તો સંપ્રતિ સભાખંડ વિરાટ - મેદનીથી હકડેઠઠ ભરાઈ ગયો.

જન્મ - કલ્યાણકની ઉજવણી શરૂ થાય છે. આ છે પ્રિયંવદા દાસી. વિશ્વસેન રાજાની રાજ્ય સભામાં પુત્ર - જન્મની વધામણી આપવા જાય છે. જુઓને એના મુખડે મલકાટ છે ! હૈયે હર્ષનો છલછલાટ છે !

કેવાં મધુરા વાક્યોથી એ વિશ્વસેન રાજાને સંબોધે છે ?

પુત્ર - જન્મની વધામણી મળતાં રાજવી વિશ્વસેન ખુશખુશ થઈ જાય છે. અને વધામણીના હર્ષમાં એ પ્રિયંવદા દાસીને સુવર્ણાલંકરોથી મઢી દે છે.

જુઓ.... હવે અચિરામાતા પુત્રને પારણિયે પોઢાડી રેશમની દોરીથી હિંચોળે છે ....! 'પારણું ઝુલાવે, અચિરા મૈયા, પારણું ઝુલાવે રે....'

પ્રભુનું નામ 'શ્રી શાન્તિ' સ્થાપન કરીને સૂર્ય-ચન્દ્રનાં દર્શન કરાવાય છે.

આ જમણી બાજુ તો જુઓ ! સેંકડો બાળકો ભેગાં થઈ ગયાં છે ! આજે એમની પાઠશાળામાં પ્રભુજી પધારવાના હોવાથી તેમનાં આનંદનો કોઈ પાર નથી!

આ માથે પાઘડી પહેરીને ઊંચી ગાદી પર બિરાજ્યા છે, તે છે પંડિતજી !

અરે....! આ પધાર્યા પ્રભુજી ! બાળકો નાચી ઊઠ્યાં....



પ્રભુજી પધારતાં ઈન્દ્ર હાજર થયા છે અને પંડિત મુખ્ય આસન પર જ્યાં બેસવા જાય છે, તે પહેલાં જ એના આસન પર ઈન્દ્ર પોતે પરમાત્મા શ્રી શાન્તિનાથને બેસાડી દે છે. ઈન્દ્ર પંડિતને પ્રભુની ઓળખાણ કરાવે છે અને પંડિત વિનમ્ર વદને ક્ષમા યાચના કરે છે.

પાઠશાળા આગમનના આ પ્રસંગે બાળકોને નોટો, પેન્સીલો, ફાઉન્ટનપેનો, રબ્બરો વગેરે અનેક વસ્તુઓ આપવામાં આવી હતી.

પાઠશાળાનો પ્રસંગ જો કે પરમાત્મા શ્રી શાંતિનાથ ભગવાનના જીવનમાં બન્યો જ નથી. એ તો માત્ર શ્રી મહાવીરદેવના જીવનમાં તેમના - માતા - પિતાના મોહના કારણે બન્યો હતો.

છતાંય, અંજન શલાકા વિધિમાં પાઠશાળા - ગમનનો પ્રસંગ ઉજવાય છે, તે વિચારણીય લાગે પણ એનું એક જ સમાધાન છે કે, અંજન શલાકામાં મુખ્ય બિંબ શ્રી શાંતિનાથ ભગવાન હોવા છતાં બીજા બિંબોમાં શ્રી મહાવીરસ્વામી પણ હોવાથી પાઠશાળાનો પ્રસંગ ઉજવાય છે.

લગભગ સાડા દશ વાગ્યા હતા. હવે લગ્નના વરઘોડાની તૈયારીઓ ચાલી. લગ્નનો વરઘોડો ખૂબ જ દબદબા પૂર્વક ચઢ્યો. પરમાત્માના મસ્તક ઉપર કિંમતી સાફો બાંધવામાં આવ્યો હતો. શરીર ઉપર જરિયાન અંગરખું પહેરાવવામાં આવ્યું હતું. હાથીના હોદ્દે પરમાત્માના દિવ્ય બિંબને પધરાવવામાં આવ્યું હતું.

લગભગ દોઢ કલાકની શહેર યાત્રા કરીને વરઘોડો સંપ્રતિસભા મંડપમાં આવી પહોંચ્યો. ત્યાં તો વિવાહની તૈયારીઓ થઈ. મંડપમાં કેળના વૃક્ષોથી સુંદર ચોરી બનાવવામાં આવી હતી. આજે યશોમતી રાણી સાથે શાંતિનાથ લગ્નગ્રંથિથી જોડાવાના હતા.

કુલવધૂઓએ લગ્નનાં મોહક ગીતો ગાવાં શરૂ કર્યાં ! બીજી બાજુ લગ્નનાં વિધિ - વિધાનો મંત્રોચ્ચારણ પૂર્વક થવા લાગ્યાં. સુપ્રસિદ્ધ સંગીતકાર શ્રી ગજાનની ભાવવાહી મુદ્રાઓ અને તેમના કોકિલ કંઠે ગવાતાં લગ્ન - ગીતોની કડીઓએ પણ સુંદર જમાવટ કરી.

અને શ્રી શાંતિનાથ યશોમતી રાણી સાથે લગ્ન - ગ્રંથિથી જોડાઈ ગયા....

આજે બપોરે રાજ્યાભિષેકની ઉજવણી હતી. શાંતિનાથ ભગવાન એટલે

તો ચક્રવર્તી ! એક ભવમાં બે ઉચ્ચ પદવીઓ પ્રાપ્ત કરનારા ! તેમનો રાજ્યાભિષેક બાર વાગ્યા સુધી ચાલ્યો !

ભગવાનના રાજ દરબારને આજે કલાત્મક રીતે ઠઠારવામાં આવ્યો હતો… જ્યાં જ્યાં નજર લગાવો ત્યાં ત્યાં નવનવાં આકર્ષણોની ભેટ મળતી હતી. રાજ - દરબારમાં નૃત્ય - ગાનની મહેફિલ જમાવવા માટે રોહિડાથી ખાસ બાલ - મંડળ બોલાવવામાં આવ્યું હતું. (ક્રમશઃ)

## ★ અનુમોદનનો અમૃતથાળ ★★★

**- સંકલન**

પૂજ્યપાદ જ્ઞાનદાતા ગુરુદેવના સંસારી વતન મસૂરમાં, તેઓશ્રીના કૃપાપાત્ર પટ્ટધરરત્ન પૂ.આ. શ્રી ભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજાએ અંજન - પ્રતિષ્ઠા - શતાબ્દી માટે અથાગ પરિશ્રમ લીધો છે. પરિણામે અનેક ઐતિહાસીક કાર્યોથી કીર્તિમાન સ્થપાતા જાય છે. શકવર્તી કાર્યોથી મસૂરનું નામ આજુ-બાજુના પ્રદેશમાં ગાજી રહ્યું છે ! વૈ.સુ.૯ તા. ૨૪-૦૪-૨૦૧૮ મંગળવારથી વૈ.સુ.૧૫ તા. ૩૦-૦૪-૨૦૧૮ સોમવાર સુધી અંજન પ્રતિષ્ઠાનો મહામંગલકારી પ્રસંગ ભવ્યાતિભવ્ય રીતે ઉજવાયો. પ્રભાવશાળી પ્રતિષ્ઠા વૈ.સુ. ૧૫ તા. ૩૦-૦૪-૨૦૧૮ સોમવારે વિધિ વિધાનની શુદ્ધિ સાથે, શુભ લગ્ન - નવમાંશમાં ભાવોલ્લાસ સાથે સંપન્ન થઈ. બીજા જ દિવસે એનો પ્રભાવ સૌને અનુભવવા મળી રહ્યો છે.! પૂજ્યપાદ સ્વર્ગીય ગુરુદેવનું દિવ્ય સાનિધ્ય સતત - નિરંતર હોય તેવી અનુભૂતિ થઈ રહી છે.

સાથે સાથે પૂર્વે સ્થાપિત થયેલ પશ્ચિમમાભિમુખ ગુરુમંદિરનું વિધિવત્ ઉત્તરાભિમુખ નિર્માણ કરી પુનઃ પ્રતિષ્ઠાવિધિ સંપન્ન થઈ. આખા પરિસરનો દેદાર બદલાઈ ગયો !

મૂળનાયકની ડાબી બાજુ પધરાવેલા શ્રી આદિનાથ પ્રભુની પ્રતિમા ઘણા સમયથી ખંડિત હોવાનો આભાસ થતો….. પૂ.શ્રીએ અહીં પધાર્યા પછી એની ચોકસાઈ કરી, ખંડિત છે એવો નિર્ણય થતાં તેની ઉત્થાપના - વિસર્જન વિધિ કરાવી. તે જગ્યાએ નવા તે જ માપના (૨૭") શ્રી ચંદ્રપ્રભ ભગવાન પધરાવવાનો નિર્ણય લેવાયો. (પૂર્વે આ જગ્યાએ શ્રી ચન્દ્રપ્રોભસ્વામી જ હતા.) તે ભગવાન સાથે



મૂળનાયક શ્રીસુમતિનાથ પ્રભુનો મેળ વધુ સારો હોવાથી પુનઃ શ્રી ચંદ્રપ્રભોસ્વામિ જ પધરાવવાનો ઠરાવ થયો. વિધિવત્ પ્રતિમા નિર્માણ કરાવવાનું પૂજ્યશ્રીએ માર્ગદર્શન આપ્યું, તે મુજબ શિલાનો નગર પ્રવેશ, નિર્માણ વિધાન શાસ્ત્રીય રીતે થયું. ભવ્ય બિંબનું નિર્માણ થયું. સાથે ધાતુના ૧૧",૧૧" ના શ્રી આદિનાથ તથા શ્રીશાંતિનાથ ભગવાનની પરિકર સાથે પ્રતિમાનું નિર્માણ પણ કરાવવાની વાત ઊભી થઈ. તેનું વિધાન તથા શ્રીપુંડરીકસ્વામી ૯" અને ચાંદીના સ્ટેન્ડ સાથે શ્રી સિદ્ધચક્ર નું નિર્માણ વિધાન પણ અત્રે જ કરવામાં આવ્યું. તેની અંજન વિધિ પણ અહીં જ થઈ. વિધિકાર તરીકે નિખિલભાઈ રમણીકલાલ શાહ અમદાવાદથી તથા સંગીતકાર વિનીતભાઈ ગોમાવત મુંબઈથી પધારેલ બંનેએ રંગ જમાવ્યો, પ્રતિષ્ઠામાં, પટમંદિરમાં બિરાજમાન શ્રી પાર્શ્વ - પદ્માવતી તથા શ્રી મણીભદ્રને રગમંડપમાં નવી કુલિકા, (ગોખલામાં) પ્રતિષ્ઠા કરવાનો નિર્ણય લેવાતાં તેની પણ વિધિ થઈ. તે માટે ગાદી પૂજનમાં આખું જિનાલય ભાવિકોથી ભરાઈ ગયું હતું. પૂજ્યશ્રીએ દરેક વિધિ - વિધાનની સમજણ આપતા હોવાથી ભવોલ્લાસ ઉછળતો હતો.

હાલ તો શતાબ્દીનો મહામહોત્સવ ઉજવવાના મનોરથ સાથે તમામ ભાગ્યશાળીઓ કામે લાગી ગયા છે. લગભગ ૪૦ પેજની મોટી સાઈઝની આમંત્રણ પત્રિકા છપાઈ રહી છે, જેમા અંજન પ્રતિષ્ઠાદિના તમામ પ્રોગ્રામો તથા લાભાર્થીનો પણ સમાવેશ કરાયો છે. શ્રી સંઘના ભાવિકોનાં હૈયાં હિંલોળે ચઢ્યાં છે.

અંજન પ્રતિષ્ઠા તથા શતાબ્દીના ચઢાવાએ તો આસપાસના તમામ ગામો - શહેરોના ચઢાવાનો રેકોર્ડ તોડ્યો છે ! જાણે ધનની વર્ષા થઈ !

પૂજ્યશ્રીના માર્ગદર્શનથી શ્રી સંઘ - મંગલ ભવનનું નિર્માણ થયું……. તેનાય આદેશો ચઢાવા સાથે અપાયા. તીર્થને યોગ્ય સમગ્ર પરિસરને નવા રંગ - રૂપ સાથે ભવ્ય ઓપ અપાયો છે.

પ્રથમ જેઠ.વ.૯ તા. ૦૮-૦૬-૨૦૧૮ શુક્રવારથી જેઠ.સુ.૨ તા. ૧૫-૦૬-૨૦૧૮ શુક્રવાર સુધી શતાબ્દી નિમિત્તે આઠ દિવસનો મહામહોત્સવ ઉજવાશે.

(ક્રમશઃ) ધ

# સંસારના ભાવો કેવા ?

**यथा कुमारी स्वप्नान्तरेषु,**

**जातं च पुत्रं च मृतं च पश्येत् ।**

**जातेति हृष्टा, विगतेति खिन्ना,**

**तथा जना ! जानत सर्वभावान् ।।**

જેમ કુમારી કન્યા ; સ્વપ્નમાં પુત્રને જન્મ આપતી અને પુત્રને મૃત્યુ પામતી જુએ છે. તેમાં જન્મ આપતાં જુએ ત્યારે ખુશ થાય છે. મૃત્યુ પામતાં જુએ તો ખેદ પામે છે. સંસારના તમામ ભાવો પણ હે જીવો ! આવા જ છે; એમ જાણો.